# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર :–**

વિષય : ખેલ મહાકુંભ–૧૭ અંર્તગત રજીસ્ટ્રેશન કરવા બાબત
સંદર્ભ:૧)સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરની કચેરીના તા.૨૩/૦૬/૨૦૧૭ પરીપત્ર ક્રમાંક:એસએજી/ખેમકું–૧૭/૨૦૧૭–૧૮
૨)જિલ્લા રમતગમત અધિકારીની કચેરીના પત્ર ક્રમાંક:જરગઅ/ખે.મ.કું–૧૭/૯૭૦ –૯૭૪/૧૭ તા.૨૯/૦૬/૨૦૧૭

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને પી.જી. સેન્ટરના વડાઓને તેમજ ભવનોના અઘ્યક્ષશ્રીઓને સંદર્ભ પત્ર ૧ અને ૨ અન્વયે જણાવવામાં આવે છે કે ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અંર્તગત સ્ટોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે તા.૧૮/૦૮/૨૦૧૭ થી તા.૨૪/૧૧/૨૦૧૭ દરમ્યાન ખેલ મહાકુંભ–૨૦૧૭નું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ખેલ મહાકુંભ અંર્તગત રમતગમત ક્ષેત્રે પ્રતિભાઓ બહાર લાવવા વિવિધ રમતોની સ્પર્ધા યોજાનાર છે.જે માટે વેબસાઈટ www.khelmahakumbh.org તથા khelmahakumbh-2017 એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ.મોબાઈલ એપથી ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૩૦/૦૬/૨૦૧૭ થી તા.૧૦/૦૮/૨૦૧૭ સુધી કરવામાં આવશે.આપની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/ખેલાડીઓ ઓનલાઈન તેમજ કોલેજ મારફતે રજીસ્ટ્રેશન કરાવી શકશે.આપની સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/ખેલાડીઓના રજીસ્ટ્રેશન કરવા માટે આપના દ્વારા જે કર્મચારીશ્રી/અધિકારીશ્રીને કામગીરી સોંપવામાં આવે તેમને સંસ્થાનો લોગીન પાસવર્ડ આપવાનો રહશે અને તેમના દ્વારા રજીસ્ટ્રેશન અંગેની કામગીરી કાળજીપૂર્વક થાય તેની તકેદારી રાખવાની રહેશે.

ખેલ મહાકુંભ–૧૭માં આપની કોલેજ તરફથી વિવિધ સ્પર્ધાઓમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓના સમય મર્યાદામાં રજીસ્ટ્રેશન થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.આ અંગે આપના તરફથી વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.

For I/c. રજીસ્ટ્રાર

બિડાણ:
૧) સંદર્ભ પત્રોની નકલ
નં. : બીકેએનએમયુ/રજી/ ૫૭૭ /૨૦૧૭
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૦૭/૦૭/૨૦૧૭

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ / પી.જી. સેન્ટરના વડાશ્રીઓ તરફ

**નકલ સાદર રવાના :–**
૧. માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧. પી.જી. વિભાગ,એકેડેમિક વિભાગ,શા.શિ.વિભાગ
૨. આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિઘ્ધ કરવા અર્થે)

૦૨૮૫-૨૬૩૦૪૯૦

ક્રમાંકઃ જરગઅ/ખે.મ.કું-૧૭/૯૭૦-૯૭૪/૧૭
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી,
બ્લોક નં.૧ / ત્રીજો માળ, બહુમાળી ભવન,
સરદાર બાગ, જુનાગઢ -૩૬૨૦૦૧
તા.૨૯/૦૬/૨૦૧૭

પ્રતિ,

આચાર્યશ્રી/પ્રિન્સિપલ
પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ.મા.શાળા,
સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ, આર.એમ.એસ.એ. શાળાઓ/કોલેજો તમામ
જુનાગઢ, જિલ્લો જુનાગઢ

વિષય : ખેલ મહાકુંભ-૧૭ અંતર્ગત રજીસ્ટ્રેશન કરવા બાબત.
સંદર્ભ : સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરની કચેરીના તા.૨૩/૦૬/૨૦૧૭ પરીપત્ર ક્ર:એસએજી/ખેમકું-૧૭/૨૦૧૭-૧૮ અન્વયે

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ તા.૧૮/૦૮/૨૦૧૭ થી તા.૨૪/૧૧/૨૦૧૭ દરમ્યાન ખેલ મહાકુંભ-૨૦૧૭નું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ખેલ મહાકુંભ-૧૭માં શાળા/ગ્રામ્યકક્ષા, તાલુકા/ઝોનકક્ષા, જિલ્લા/મહાનગરપાલિકાકક્ષા અને છેલ્લે રાજ્યકક્ષા સુધી વિવિધ રમતોની સ્પર્ધા યોજાનાર છે. જે માટે વેબસાઈટ **www.khelmahakumbh.org** પર તથા **khelmahakumbh-2017** એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. મોબાઈલ એપથી ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૩૦/૬/૨૦૧૭ થી તા.૧૦/૦૮/૨૦૧૭ (૪૨ દિવસ) સુધી કરવામાં આવશે. અં-૯, અં-૧૧, અં-૧૪, અં-૧૭ તથા ઓપન એઈજ (સિનિયર) ગ્રુપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે તે શાળામાંથી રજીસ્ટ્રેશન કરવાનું ફરજીયાત રહેશે. કોલેજમાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ ઓનલાઈન તેમજ કોલેજ મારફતે રજીસ્ટ્રેશન કરી શકશે. અભ્યાસ ન કરતાં હોય તેવા ખેલાડીઓ પણ પોતાના ગામની સ્કૂલ/હાઈસ્કૂલમાંથી રજીસ્ટ્રેશન કરાવી શકશે. શાળા/કોલેજ અંગેનો પાસવર્ડ સ્કૂલ, કોલેજના જવાબદાર વ્યક્તિને આપવાનો રહેશે અને તેમના દ્વારા રજીસ્ટ્રેશનની કામગીરી થાય તે જોવાનું રહેશે. ખેલ મહાકુંભ-૧૭ અંગેનો વિગતવાર પરિપત્ર આ સાથે સામેલ છે.

આપની શાળા/કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના વધુમાં વધુ રજીસ્ટ્રેશન થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે. રજીસ્ટ્રેશનમાં કોઈ મુશ્કેલી જણાય તો રાજ્ય સ્તરે ટોલ ફ્રી નંબર - ૧૮૦૦ ૨૭૪ ૪૧૫૧ પર સંપર્ક કરવાનો રહેશે. તેમજ જિલ્લા સ્તરે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જુનાગઢ ફોન નં. ૦૨૮૫-૨૬૩૦૪૯૦ પર સંપર્ક કરવાનો રહેશે.

બિડાણઃ- સંદર્ભ પરિપત્ર

| | | |
|---|---|---|
| જિલ્લા રમત ગમત અધિકારી<br>જુનાગઢ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી<br>જુનાગઢ | જિલ્લા શિક્ષણાધિકારી<br>જુનાગઢ |

<u>નકલ સવિનય જાણ સારૂ:</u>

(૧) માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
(૨) માન. કલેક્ટરશ્રી, જુનાગઢ
(3) માન. કમિશનરશ્રી, મહાનગરપાલિકા જુનાગઢ

<u>નકલ રવાના જરૂરી કાર્યવાહી થવા સારૂ:</u>

(૧) માન. વાઈસ ચાન્સેલરશ્રી, કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ ( આપના તાબાની કોલેજોને જાણ કરવા વિનંતી )
(૨) માન. વાઈસ ચાન્સેલરશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ( // )
(3) માન. નાયબ માહિતી નિયામકશ્રી, જુનાગઢ ( વિના મૂલ્યે અખબારી યાદી આપવા સારૂ )

D:\KMK 17\TO SCHOOL.DOC

ક્રમાંક:એસએજી/ખેમકું-૧૭/૨૦૧૭-૧૮

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
બ્લોક નં ૧૪/૩જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર

તા.૨૩/૦૬/૨૦૧૭

# વિષય :- ખેલમહાકુંભ-૨૦૧૭

## પરિપત્ર :-

ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલમહાકુંભ-૨૦૧૭નું આયોજન કરવામાં આવેલ છે.

ખેલમહાકુંભ-૨૦૧૭ની શાળા/ગ્રામ્ય, તાલુકા/ઝોન, જિલ્લા/મહાનગરપાલિકા અને રાજયકક્ષાની સ્પર્ધાઓનું રજિસ્ટ્રેશન, પ્રચાર-પ્રસાર, આયોજન-સંચાલન, તજજ્ઞો, મેનપાવર ખેલાડીઓની પસંદગી, રોકડ પુરસ્કાર વિગેરેની કામગીરી સરળતાથી તેમજ અસરકારક રીતે થાય તે સુનિશ્ચિત કરવા માટે નીચેની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

### (૧) રજિસ્ટ્રેશન:-

- ખેલમહાકુંભ-૨૦૧૭નું ઓનલાઈન રજિસ્ટ્રેશન તા.30/06/૨૦૧૭ થી શરૂ કરવામાં આવશે.
- ખેલમહાકુંભમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવા માટેની વેબસાઈટ **www.khelmahakumbh.org** છે.
- **khelmahakumbh -2017** એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. મોબાઈલ એપ થી ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ શકશે.
- અં-૯, અં-૧૧, અં-૧૪, અં-૧૭ તથા ઓપન એઈજ (સિનિયર) ગૃપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે તે શાળામાંથી રજિસ્ટ્રેશન કરવાનું ફરજીયાત રહેશે.
- કોલેજમાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ ઓનલાઈન તેમજ કોલેજ મારફતે રજિસ્ટ્રેશન કરી શકશે.
- અભ્યાસ ન કરતાં હોય તેવા ખેલાડીઓ પણ પોતાના ગામની સ્કુલ/હાઈસ્કુલમાંથી રજિસ્ટ્રેશન કરાવી શકશે.
- જિલ્લાકક્ષાએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરીએથી પણ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

### (૨) રજિસ્ટ્રેશન અંગેનો પાસવર્ડ:-

- શાળા/કોલેજ અંગેનો પાસવર્ડ સ્કુલ, કોલેજના જવાબદાર વ્યક્તિને આપવાનો રહેશે અને તેમના દ્વારા રજિસ્ટ્રેશનની કામગીરી થાય તે જોવાનું રહેશે.

## (3) પ્રચાર-પ્રસાર :-

- વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે તેમજ વધુ જાણકારી માટે ગ્રામ્ય/તાલુકા/જિલ્લાકક્ષાના વિવિધ જાહેર સ્થળો પર હોર્ડીંગ્સ, બેનર તેમજ અન્ય પ્રચાર-પ્રસારના માધ્યમ દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.
- ખેલમહાકુંભનો અસરકારક અને વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થાય તે માટે સોશ્યલ મિડિયાનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે.
- હોર્ડીંગ્સ બેનર્સ અને બ્રેકડ્રોપની ડીઝાઈન સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા નિયત કરી મોકલવામાં આવશે.
- હોર્ડીંગ્સ માટેની એજન્સીઓ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા નક્કી કરવામાં આવશે.

## (૪) વોલીયન્ટર્સ

- સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની ઈન સ્કુલ અને ડી.એલ.એસ.એસ. યોજનાના ટેનર્સને તેમજ જે તે શાળાના વ્યાયામ શિક્ષકને તાલીમ આપી જે તે શાળા/ગ્રામ્ય/કોલેજ/સંસ્થામાં રજીસ્ટ્રેશનની તેમજ વધુમાં વધુ ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહીત કરવાની કામગીરી અને આયોજન-સંકલન, પ્રચાર-પ્રસારની કામગીરી કરવાની રહેશે. આ અંગે માહિતી પુસ્તીકા તેમજ ઓડિયો ઈઝીયસ ક્વીકી એસ.એ.જી. દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવશે.
- ટ્રેનર્સને પ્રવાસ ખર્ચ અને માનદ વેતન ખેલમહાકુંભના નીતિ નિયમ મુજબ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા નક્કી કરી ચૂકવવાના રહેશે.
- વોલીયન્ટર્સની સંખ્યા, માનદ વેતન, કાર્યપધ્ધતિ અંગે હવે પછીથી જાણ કરવામાં આવશે.

## (૫) સ્પર્ધાનું આયોજન

૧. શાળા અને ગ્રામ્યકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | ખેલમહાકુંભ અંતર્ગત રમતો |
|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | ૩૦ મી. દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડજમ્પ |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | ૫૦ મી. દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડજમ્પ |
| ૩ | ૧૪ વર્ષથી નીચે (ધોરણ-૮ સુધી) | એથ્લેટીક્સ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૪ | ૧૭ વર્ષથી નીચે (ધોરણ-૧૦ સુધી) | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૫ | ઓપન એજ (સિનિયર) ગ્રુપ | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ |

## ૨. તાલુકાકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | ખેલમહાકુંભ અંતર્ગત રમતો |
|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | - |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | ચેસ |
| ૩ | ૧૪ વર્ષથી નીચે (ધોરણ-૮ સુધી) | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૪ | ૧૭ વર્ષથી નીચે (ધોરણ-૧૦ સુધી) | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૫ | ઓપન એજ (સિનિયર) ગ્રુપ | શુટીંગબોલ, એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | શુટીંગબોલ, ચેસ |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | ચેસ |

## ૩. જિલ્લાકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | ખેલમહાકુંભ અંતર્ગત રમતો |
|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | - |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | સ્વીમીંગ |
| ૩ | ૧૪ વર્ષથી નીચે (ધોરણ-૮ સુધી) | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો |
| ૪ | ૧૭ વર્ષથી નીચે (ધોરણ-૧૦ સુધી) | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવેન્ડો |
| ૫ | ઓપન એજ (સિનિયર) ગ્રુપ | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવોન્ડો |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | બેડમિન્ટન, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, સ્વીમીંગ |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | બેડમિન્ટન, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, સ્વીમીંગ |
| ૮ | શિક્ષકો માટેની સ્પર્ધા | એથ્લેટીક્સ, વોલીબોલ, ચેસ, યોગાસન |

## ૪. સીધી રાજયકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧ | અં-૯ | - |
| ૨ | અં-૧૧ | સ્વીમીંગ |
| ૩ | અં-૧૪(ધોરણ-૮ સુધી) | એથ્લેટીક્સ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ફેન્સીંગ, બોક્સીંગ, કરાટે, શુટીંગ, મલખમ્બ, ટેકવોન્ડો, જિમ્નાસ્ટીકસ |
| ૪ | અં-૧૭ (ધોરણ.-૧૦ સુધી) | એથ્લેટીક્સ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ટેકવોન્ડો, વેઈટલીંફટીંગ, ફેન્સીંગ, બોક્સીંગ, કરાટે, શુટીંગ, મલખમ્બ, જિમ્નાસ્ટીકસ |
| ૫ | ઓપન એજ (સિનિયર) ગ્રુપ | એથ્લેટીકસ, સ્વીમીંગ, ટેકવોન્ડો, જૂડો, કુસ્તી, આર્ચરી, જિમ્નાસ્ટીકસ, સાયકલિંગ (૨૦ કિ.મી.), શુટીંગ, આર્ટીસ્ટીક સ્કેટીંગ, વેઈટલીંફટીંગ, ફેન્સીંગ, બોક્સીંગ, કરાટે અને મલખમ્બ |
| ૬ | ૪૦ અને ૬૦ વર્ષથી ઉપર | યોગાસન |
| ૭ | તમામ ભાઈઓ/બહેનો | ગીલ્લી ડંડા |

## (૬) ખેલમહાકુંભ-૨૦૧૭ - ફેરફાર:-

- ખેલમહાકુંભની રમતો પૈકીની અં-૧૪ અને અં-૧૭ની રમતોની સ્પર્ધા SGFIની રમતો અને ઈવેન્ટો પ્રમાણે યોજવાની રહેશે. ઈવેન્ટ હવે પછી નક્કી કરવામાં આવશે.
- આ વર્ષથી જિલ્લા રમતગમત અધિકારીશ્રીઓ દ્વારા યોજાતી તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાની એસ.જી.એફ.આઈ.ની શાળાકિય સ્પર્ધાઓ માત્ર જે રમતોનો ખેલમહાકુંભમાં સમાવેશ નથી તે માટે જ કરવાની રહેશે.
- અં-૧૯ ની સ્પર્ધા ખેલમહાકુંભમાં ન હોવાથી તમામ શાળાકિય સ્પર્ધાઓ યોજવાની રહેશે.
- એસ.જી.એફ.આઈ.ની રાષ્ટ્રકક્ષાની સ્પર્ધાના કેલેન્ટરને ધ્યાનમાં રાખતા ખેલમહાકુંભની રાજયકક્ષાની સ્પર્ધાની તારીખ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા નિધારિત કરી શકાશે.
- એસ.જી.એફ.આઈ., ખેલો ઈન્ડીયા તેમજ અન્ય રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટેની ટીમ ખેલમહાકુંભની સ્પર્ધામાંથી પસંદગી કરવાની રહેશે.
- ટેબલ ટેનીસ, બેડમિન્ટન, ટેનીસ, આર્ચરી, યોગાસનમાં ટીમ ઈવેન્ટ યોજવામાં આવશે નહી. તેના સ્થાને ટેબલ ટેનીસ, બેડમિન્ટન, ટેનીસ રમતમાં સિંગલ, ડબલ્સ અને મીક્સ ડબલ્સ ઈવેન્ટની સ્પર્ધા યોજવાની રહેશે.
- પ્રાથમિક શિક્ષણ વિભાગ હસ્તક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) દ્વારા આયોજીત રમતોત્સવ શિક્ષણ વિભાગ હસ્તક યથાવત રહેશે.
- DIETની અલગ સ્પર્ધા યોજવી નહી અને ખેલમહાકુંભના ભાગ રૂપે કરવાની રહેશે પરંતુ DIET ની શાળાના વિજેતા સીધી તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.
- શિક્ષકોની સ્પર્ધા તાલુકાકક્ષાને બદલે સીધી જિલ્લાકક્ષાએથી શરૂ કરવાની રહેશે.
- જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ શાળાઓને પુરસ્કાર
  - ખેલમહાકુંભ સ્પર્ધાઓમાં જે શાળા પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે શ્રેષ્ઠ દેખાવ કરે તે શાળાને અનુક્રમે રૂ.૧.૫૦ લાખ, રૂ.૧.૦૦ લાખ અને રૂ.૦.૭૫ લાખના રોકડ પુરસ્કાર અનુદાન સ્વરૂપે આપવાના રહેશે.
- તાલુકાકક્ષાએ શ્રેષ્ઠ શાળાને પુરસ્કાર
  - ખેલમહાકુંભની તાલુકાકક્ષાની સ્પર્ધામાં તાલુકાકક્ષાએ પ્રથમ નંબર મેળવનાર ખેલાડીને આપવામાં આવતા રોકડ પુરસ્કારને બદલે ખેલમહાકુંભની તાલુકાકક્ષાની સ્પર્ધાઓમાં જે શાળા પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે શ્રેષ્ઠ દેખાવ કરે તે શાળાને અનુક્રમે રૂ.૨૫,૦૦૦/-, રૂ.૧૫,૦૦૦/- અને રૂ.૧૦,૦૦૦/- તાલુકાદીઠ રોકડ પુરસ્કાર સ્વરૂપે અનુદાન આપી સન્માનીત કરવાના રહેશે. અને DBT મારફત જેતે શાળાના બેન્ક એકાઉન્ટમાં રોકડ પુરસ્કારની રકમ તબદીલ કરવાના રહેશે.

    સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જે પ્રધ્ધતિ નક્કી કરવામાં આવે તે મુજબ શ્રેષ્ઠ શાળા નક્કી કરવામાં આવશે. આ રકમ રમતગમતના વિકાસ માટે જ ઉપયોગ કરવાની રહેશે.

- તાલુકામાંથી જિલ્લાકક્ષાએ અને જિલ્લાકક્ષાએથી રાજયકક્ષાની સ્પર્ધામાં **અં-૧૭ સુધીની** વિજેતા ટીમ તરીકે માત્ર શાળાની વિજેતા ટીમ હોય તો જ તે ટીમ ભાગ લેશે. (એક પસંદગીની ટીમ અને એક વિજેતા ટીમ એમ બે ટીમ રહેશે)
- ઓપન કેટેગરી, ૪૦ વર્ષથી ઉપર અને ૬૦ વર્ષથી ઉપરની વયજુથમાં દરેક કક્ષાએ માત્ર પસંદગીની ટીમ જ ભાગ લેશે.
- સોશ્યલ મિડિયા
  - ખેલમહાકુંભ અને કલામહાકુંભનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થાય તે માટે વિડિયો અને ફોટોગ્રાફ સોશ્યલ મિડિયા મારફતે પ્રસારીત કરાવવાના રહેશે
- DBT દ્વારા રોકડ પુરસ્કાર વિતરણ
  - પોસ્ટલ ડીપાર્ટમેન્ટ મારફત EMO થી વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર વિતરણને બદલે DBT (RTGS) દ્વારા જેતે ખેલાડીના ખાતામાં તબદીલ કરાવવાના રહેશે.
- તાલુકાકક્ષાએ થી જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે વિનિંગ મોડ્યુલમાં એન્ટ્રી કર્યા બાદ જ જિલ્લાકક્ષાના વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કારનું વિતરણ કરવાનું રહેશે
- જિલ્લાકક્ષાએથી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે વિનિંગ મોડ્યુલમાં એન્ટ્રી કર્યા બાદ જ રાજયકક્ષાના વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કારનું વિતરણ કરવાનું રહેશે.
- અં-૯ અને અં-૧૧ માં સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ અને ૩૦ મી. તેમજ ૫૦ મી. દોડમાં શાળાના ૮ વિજેતાઓ તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

  નોંધ:- ટેલેન્ટ આઈડેન્ટીફીકેશન માટે આ સૂચનાનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.
- જિલ્લાકક્ષા તેમજ રાજયકક્ષાની સ્પર્ધામાં ૨ વિજેતા ભાગ લેશે.

## (૭) નવો સમાવેશ :-

- નવી રમતોનો સમાવેશ:- ગીલ્લી ડંડા (ભાઈઓ/બહેનો)
  - તમામ માટે ગીલ્લી ડંડા રમતની સ્પર્ધા <u>સીધી રાજયકક્ષાએ</u> યોજવાની રહેશે અને તેનો રોકડ પુરસ્કાર ઓપન એજગૃપ પ્રમાણે આપવાનો રહેશે.

## (૮) આયોજન અને સંચાલન

૧. ખેલમહાકુંભનું સમગ્ર આયોજન-સંચાલન ગત વર્ષની જેતે કક્ષાની અમલીકરણ સમિતિ દ્વારા કરવાનું રહેશે.

| પ્રા.શાળા | ગ્રામ્ય | તાલુકા | જિલ્લા | મહાનગરપાલીકા | ટેકનિકલ | પસંદગી |
|---|---|---|---|---|---|---|
| પ્રાથમિક શાળાના આચાર્ય અધ્યક્ષ | સરપંચ અધ્યક્ષ | પ્રાત અધિકારી અધ્યક્ષ | કલેકટર અધ્યક્ષ | મ્યુનિ. કમિશનરશ્રી અધ્યક્ષશ્રી | જિલ્લા રમતગમત અધિકારી અધ્યક્ષ | સિનિયર કોચ અધ્યક્ષ |
| સી.આર.સી સભ્ય | માધ્યમિક શાળાના આચાર્ય સભ્ય | મામલતદાર કન્વીનર | જિલ્લા વિકાસ અધિકારી ઉપાધ્યક્ષ | ડે. મ્યુનિ. કમિશનરશ્રી (નિયુક્ત) સભ્યશ્રી | સિનિયર કોચીઝ અથવા તેના પ્રતિનિધિ સભ્ય | જે તે રમતના કોચ (એસ.એ.જી.) સભ્ય |
| વ્યાયામ શિક્ષક સભ્ય સચિવ | પ્રાથમિક શાળાના આચાર્ય સભ્ય સચિવ | તાલુકા વિકાસ અધિકારી સભ્ય | વાઈસ ચાન્સેલર યુનિવર્સીટી હોય તો સભ્ય | નાયબ પોલીસ કમિશનરશ્રી (નિયુક્ત) સભ્યશ્રી | રમતગમત મંડળના પદાધિકારી સભ્ય | વ્યાયામ મંડળના પ્રતિનિધિ સભ્ય |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સ્વામી વિવેકાનંદ ગામ યુવક મંડળના પ્રમુખ સભ્ય | તાલુકા સ્વામી વિવેકાનંદ મંડળના પ્રમુખ સભ્ય | પોલીસ અધિક્ષક સભ્ય | મ્યુનિસિપલ કમિશનરશ્રી નિયુક્ત ૩ પ્રતિષ્ઠિત નાગરિકો (બે રમત વીરો) સભ્ય | વ્યાયામ શિક્ષક મંડળના પદાધિકારી અથવા જિલ્લા રમતગમત અધિકારા દ્વારા નિયુક્ત વ્યાયામ શિક્ષક સભ્ય | જિલ્લા રમતગમત અધિકારી દ્વારા નિયુકત એક રમતવીર અને એક વ્યાયામ શિક્ષક સભ્ય |
| | તલાટી કમ મંત્રી સભ્ય | બી.આર.સી. સભ્ય સચિવ | જિલ્લા શિક્ષણાધિકારી (પ્રાથમિક અને માધ્યમિક) સભ્ય | મહાનગર સ્વામી વિવેકાનંદ મંડળના પ્રમુખશ્રી સભ્યશ્રી | | |
| | | સી.આર.સી. સભ્ય | પ્રિન્સીપાલ, શિક્ષણ અને તાલીમ ભવન સભ્ય | મહાનગર નામાંકિત શાળા આચાર્ય સભ્યશ્રી | | |
| | | | સ્વામી વિવેકાનંદ જિલ્લા યુવક મંડળના પ્રમુખ સભ્ય | જિલ્લા રમતગમત અધિકારી સભ્ય સચિવ | | |
| | | | સિનીયર કોચ એસ.એ.જી સભ્ય | સિનીયર કોચ એસ.એ.જી સભ્યશ્રી | | |
| | | | DIETના શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા સભ્ય | | | |
| | | | જિલ્લા રમત ગમત અધિકારી સભ્ય સચિવ | | | |

## (૯) સમયપત્રક

- ખેલમહાકુંભના સમયપત્રક મુજબ જ સ્પર્ધાઓ પૂર્ણ કરવાની રહેશે. સમય પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | કાર્યક્રમની વિગત | તારીખ (સંભવિત) |
|---|---|---|
| ૧ | રજિસ્ટ્રેશન | ૩૦/૦૬/૨૦૧૭ થી ૧૦/૦૮/૨૦૧૭ (૪૨ દિવસ) |
| ૨ | શાળા/ગ્રામ્ય કક્ષા સ્પર્ધા | ૧૮/૦૮/૨૦૧૭ થી ૨૧/૦૮/૨૦૧૭ (૪ દિવસ) |
| ૩ | તાલુકા કક્ષા સ્પર્ધા | ૨૪/૦૮/૨૦૧૭ થી ૨૮/૦૮/૨૦૧૭ (૫ દિવસ) |
| ૪ | જીલ્લા કક્ષા/ મહાનગરપાલિકા કક્ષા સ્પર્ધા | ૦૧/૦૯/૨૦૧૭ થી ૧૦/૦૯/૨૦૧૭ (૧૦ દિવસ) |
| ૫ | રાજ્યકક્ષા સ્પર્ધા | ૨૫/૧૦/૨૦૧૭ થી ૨૪/૧૧/૨૦૧૭ (૩૦ દિવસ) |

- સ્થાનિક અમલીકરણ સમિતિ સ્પર્ધાનું સ્થળ નક્કી કરશે. અને ખેલમહાકુંભ-૨૦૧૭ના સમય પત્રક સાથે ફેરફારને અવકાશ રહેશે.

## (૧૦) સ્પર્ધા અંગેની સુચનાઓ :-

- માત્ર અંડર-૯ અને અંડર-૧૧માં સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ અને ૩૦ મી. તેમજ ૫૦ મી. દોડમાં શાળાના ૮ વિજેતાઓ તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. જિલ્લા અને રાજયકક્ષાની સ્પર્ધામાં બે વિજેતાઓ ભાગ લેશે.
- જિલ્લાકક્ષા તેમજ રાજયકક્ષાની ટીમ રમત પૈકી વોલીબોલ, કબડ્ડી, ખોખો રમતોમાં પસંદગી પામેલ એક ટીમ તેમજ એક વિજેતા ટીમ એમ બે ટીમ આગળની સ્પર્ધામાં ભાગ લેશે.
- તાલુકામાંથી જિલ્લાકક્ષાએ અને જિલ્લાકક્ષાએથી રાજયકક્ષાની સ્પર્ધામાં અં-૧૭ સુધીની વિજેતા ટીમ તરીકે માત્ર શાળાની વિજેતા ટીમ હોય તો જ તે ટીમ ભાગ લેશે. (એક પસંદગીની ટીમ અને એક વિજેતા ટીમ એમ બે ટીમ રહેશે)
- ઓપન કેટેગરી, ૪૦ વર્ષથી ઉપર અને ૬૦ વર્ષથી ઉપરની વયજુથમાં દરેક કક્ષાએ માત્ર પસંદગીની ટીમ જ ભાગ લેશે.
- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વ્યક્તિગત રમતોમાં પણ પ્રથમ અને દ્વિતીય એમ બે વિજેતા ખેલાડીઓ અને ટીમ રમત પૈકી વોલીબોલ, કબડ્ડી, ખોખો રમતોમાં પસંદગી પામેલ એક ટીમ તેમજ એક વિજેતા ટીમ એમ બે ટીમ સ્પર્ધામાં ભાગ લેશે.
- રાજયકક્ષાની સ્પર્ધામાં વ્યક્તિગત રમતોમાં પ્રથમ અને દ્વિતિય એમ બે વિજેતા અને ટીમ રમતમાં પસંદગી પામેલ એક ટીમ અને એક વિજેતા ટીમ એમ બે ટીમ સ્પર્ધામાં ભાગ લેશે.
- **વિજેતા ટીમમાં કબડ્ડી, ખોખો, વોલીવોલ, બાસ્કેટબોલ, ફૂટબોલ, હોકી અને હેન્ડબોલ રમતનો** સમાવેશ કરવામાં આવે છે. તે સિવાયની ટીમ રમતોમાં માત્ર પસંદગી પામેલ ટીમ જ ભાગ લેશે એટલે કે એક જ ટીમ ભાગ લેશે.
- વિજેતા ટીમ પોતાની રીતે તાલુકાકક્ષા થી જિલ્લાકક્ષાએ અને જિલ્લાકક્ષા થી રાજયકક્ષાએ સ્વતંત્ર રીતે ભાગ લેવા ન ઈચ્છતી હોય તો તે શાળાએ બાહેધરી પત્ર આપવાનો રહેશે અને જે તે કક્ષાએ પસંદગી સમિતિએ વિજેતા ટીમના ખેલાડીઓનો પસંદગી સમિતિમાં સમાવેશ કરવાનો રહેશે. (બાંહેધરી પત્રનો નમુનો સામેલ છે.)
- એથ્લેટીક્સ (ઓપન એજ (સિનિયર) ગૃપ):- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં યોજાનાર વ્યક્તિગત ઈવેન્ટમાંથી પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલ ખેલાડીઓની ૪ X ૧૦૦ મી. રીલે અને ૪ X ૪૦૦ મી. રીલેની એથ્લેટીક્સ ટીમ બનાવવાની રહેશે જે રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.
- **એથ્લેટીક્સ રમતમાં વધુમાં વધુ બે વ્યક્તિગત અને એક રીલે ઈવેન્ટમાં ભાગ લઈ શકશે. (SGFIના નિયમ મુજબ)**
- સ્વીમીંગ (ઓપન એજ (સિનિયર) ગ્રુપ) :- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં યોજાનાર વ્યક્તિગત ઈવેન્ટમાંથી પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલ ખેલાડીઓની ૪ X ૧૦૦ મી. ફ્રિ સ્ટાઈલ રીલે અને ૪ X ૧૦૦ મી. મીડલે રીલેની ટીમ બનાવવાની રહેશે જે રાજયકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.
- સ્પર્ધામાં ભાગ લેવા માટે વય મર્યાદા નક્કી કરવા માટે **કટ ઓફ ડેટ ૩૧/૧૨/૨૦૧૭ રહેશે.**
- સીધી રાજ્યકક્ષાએ શરૂ થતી સ્પર્ધા માટે ઉપસ્થિત રહેનાર ખેલાડીઓની **સૌ પ્રથમ** ક્વોલીફાઈડ મેચનું પ્રથમ રાઉન્ડનું આયોજન ગોઠવવાનું રહેશે. સ્પર્ધામાં ઉપસ્થિત **રહેનાર** ખેલાડીઓને એક ટાઈમ લંચ આપવાનો રહેશે. માત્ર પ્રથમ રાઉન્ડના વિજેતા**ઓને જો** રોકવાની જરૂરી જણાય તો ભોજન અને નિવાસ પુરૂં પાડવાનું રહેશે.

- રાજયકક્ષાની સ્પર્ધા માટે પ્રથમ દિવસે સાંજે રીપોર્ટીંગ કરવા માટે જણાવવાનું રહેશે.
- રાજયકક્ષાની સ્પર્ધામાં ટીમ ઈવેન્ટમાં પ્રથમ દિવસે ૧૦ કે તેથી વધુ અને ત્યારબાદ બીજા દિવસે એમ તબક્કાવાર દિવસોમાં નોકઆઉટ અને તેમાંથી પસંદ થયેલ ટીમની લીગ રમાડવામાં આવે તો હારેલી ટીમ તે દિવસે પરત થાય જેને કારણે ભોજન અને નિવાસનો ખર્ચ ઘટી શકે. તે પ્રકારે આયોજન કરવાનું રહેશે.
- શાળા/ગ્રામ્યકક્ષાએ થી તાલુકાકક્ષા, તાલુકાકક્ષાએ થી જિલ્લાકક્ષા અને જિલ્લાકક્ષાએ થી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા વિજેતા ખેલાડીઓની એન્ટ્રી ઓનલાઈન મોકલી આપવાની રહેશે. ઓનલાઈન એન્ટ્રી વગર કોઈ પણ સ્પર્ધકને ઉપરની કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહી.
- સ્પર્ધામાં ભાગ લેવા માટેની વયજુથ પ્રમાણેની રમતો, વજન ગૃપ તેમજ ઈવેન્ટની માહિતી ઓનલાઈન રજિસ્ટ્રેશન ફોર્મમાં દર્શાવેલ હોય તે મુજબ ખેલાડીએ ભાગ લેવાનો રહેશે.
- ચેસની સ્પર્ધા ગત વર્ષની જેમ સીધી તાલુકા કક્ષાએથી શરૂ કરવાની રહેશે. આ સુચના મહાનગરપાલીકાને પણ લાગુ પડશે. જેની નોંધ લેવી.

## (૧૧) ટેક્નીકલ ઓફીસીયલ્સની નિયુક્તિ :-

- રાજયકક્ષાના માન્ય મંડળો દ્વારા ટેકનીક્લ બાબતોમાં સહયોગ મેળવવાનો રહેશે.
- ટેકનીકલ ઓફીસીયલ્સ અને રેફરી યોગ્ય લાયકાત ધરાવતા હોવા જોઈએ.
- સંબંધીત માન્ય એસોસીએશનના પરામર્શમાં રહીને ટેકનીકલ ઓફીસીયલ્સ અને રેફરીની વ્યવસ્થા જિલ્લા રમતગમત અધિકારીશ્રીએ કરવાની રહેશે.
- રાજયકક્ષાના માન્ય મંડળો દ્વારા દરેક સ્થળ અને રમત માટે ટેકનીકલ કન્વીનર ફાળવવામાં આવશે અને ટેકનીકલ કન્વીનરે ટેકનીકલ બાબતોમાં સહયોગ આપવાનો રહેશે.
- લાયકાત ધરાવતા રેફરીઓ દ્વારા જ સ્પર્ધાઓ યોજવાની રહેશે. રાજયકક્ષાના માન્યમંડળોની સાથે રહીને જે તે રમતના વયજુથ પ્રમાણે કવોલીફાય રેફરી અને લાઈનમેનની યાદી તૈયાર કરવાની રહેશે રેફરી દ્વારા જે તે રમતના નિતિ નિયમો પ્રમાણે જે તે સ્પર્ધાઓ યોજવામા આવે તે માટેની તકેદારી જિલ્લા રમતગમત અધિકારીશ્રીએ રાખવાની રહેશે.

## (૧૨) રોકડ પુરસ્કાર

૧. ખેલાડીઓ

- **DBT દ્વારા રોકડ પુરસ્કાર વિતરણ**
  પોસ્ટલ ડીપાર્ટમેન્ટ મારફત EMO થી વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર વિતરણને બદલે DBT (RTGS) દ્વારા જેતે ખેલાડીના ખાતામાં રોકડ પુરસ્કાર તબદીલ કરવાના રહેશે.
- જિલ્લા અને રાજયકક્ષાના વિજેતા ખેલાડીઓને DBT થી રોકડ પુરસ્કારનું વિતરણ કરવા માટે તાલુકા અને જિલ્લા તથા રાજયકક્ષાએ વિનીંગ મોડયુલ ઓનલાઇન કરવાનું રહેશે.
- વિજેતા ખેલાડીઓને પુરસ્કારની રકમ ચૂકવવા માટે ખેલાડીઓના નામ, સરનામું સંપર્ક નંબર, શાળાનું નામ, સરનામું અને સંપર્ક નંબર અંગેની વિગતો આ સાથેના નિયત

નમુનાના પત્રક-ક (NEFT ફોર્મ) પ્રમાણે તૈયાર કરવાની રહેશે. ત્યાર બાદ વિનિગ મોડ્યુલમાં એન્ટ્રી કરવાની રહેશે જે એડીટ ઓપશનથી એન્ટ્રી થઈ શકશે. આ તબક્કો, રોકડ પુરસ્કારનું વિતરણ DBT થી કરવામાં અનિવાર્ય છે. જેનુ ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

- **ગીલ્લી ડંડાના વિજેતા ખેલાડીઓને ઓપન એજ ગૃપ પ્રમાણે DBT દ્વારા રોકડ પુરસ્કાર ચૂકવવાનો રહેશે.**

**૨. શિક્ષકો**

- **શિક્ષકોને માત્ર રાજયકક્ષાએ જ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.**

**૩. કોચ**

- **રાજયકક્ષાની સ્પર્ધામાં અંડર-૯, ૧૧, ૧૪, ૧૭ અને ઓપનએજ (સિનિયર) ગ્રુપના વિજેતા થયેલ ખેલાડીઓના કોચને DBT દ્વારા રોકડ પુરસ્કાર આપવાનો રહેશે.**
- **રાજયકક્ષાની સ્પર્ધામાં એબાઉ-૪૦ અને ૬૦ વયજુથના વિજેતા થયેલ ખેલાડીઓના કોચ તેમજ સ્પે.ખેલમહાકુંભની રમતોના વિજેતા થયેલ ખેલાડીઓના કોચને રોકડ પુરસ્કાર આપવાનો રહેશે નહી.**
- રજિસ્ટ્રેશન ફોર્મમાં કોચનું નામ હોય તો જ રોકડ પુરસ્કાર મળવાપાત્ર થશે.
- રજિસ્ટ્રેશન ફોર્મમાં દર્શાવેલ કોચનું નામ ઉમેરી કે બદલી શકાશે નહી.
- ઈનામ યોગ્ય વિજેતાઓ અને કોચીઝનો રીપોર્ટ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ ઓનલાઈન સીસ્ટમમાંથી ડાઉનલોડ કરવાનો રહેશે.
- કોચીઝને રોકડપુરસ્કારની રકમ DBT દ્વારા બેન્ક ખાતામાં જ તબદીલ કરવા માટે જિલ્લા રમત ગમત અધિકારીએ સંકલન કરવાનું રહેશે.
- રજીસ્ટ્રેશન ફોર્મમા દર્શાવેલ કોચ/કોચીઝને જ ટીમ રમતમાં ખેલાડી દીઠ રોકડ પુરસ્કાર આપવાનો રહેશે.
- શિક્ષકોના કોચને રોકડ પુરસ્કાર આપવાનો નથી.
- ગીલ્લી ડંડાના કોચને રોકડ પુરસ્કાર આપવાનો નથી.

**૪. અન્ય**

- **તાલુકાકક્ષા શ્રેષ્ઠ શાળાને પુરસ્કાર**

ખેલમહાકુંભની તાલુંકાકક્ષાની સ્પર્ધામાં તાલુકાકક્ષાએ પ્રથમ નંબર મેળવનાર ખેલાડીને આપવામાં આવતા રોકડ પુરસ્કારને બદલે ખેલમહાકુંભની તાલુકાકક્ષાની સ્પર્ધાઓમાં જે શાળા પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે શ્રેષ્ઠ દેખાવ કરે તે શાળાને અનુક્રમે રૂ.૨૫,૦૦૦/-, રૂ.૧૫,૦૦૦/- અને રૂ.૧૦,૦૦૦/- એમ કુલ ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) તાલુકાદીઠ રોકડ પુરસ્કાર સ્વરૂપે અનુદાન આપી સન્માનીત કરવાના રહેશે. અને DBT મારફત જેતે શાળાના બેન્ક એકાઉન્ટમાં રોકડ પુરસ્કારની રકમ તબદીલ કરવાના રહેશે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જે પ્રધ્ધતિ નક્કી કરવામાં આવે તે મુજબ શ્રેષ્ઠ શાળા નક્કી કરવામાં આવશે. આ રકમ રમતગમતના વિકાસ માટે જ ઉપયોગ કરવાની રહેશે.

- **જિલ્લા/મહાનગરપાલીકાકક્ષા શ્રેષ્ઠ શાળાને પુરસ્કાર**

  ખેલમહાકુંભની જિલ્લા/મહાનગરપાલીકાકક્ષાની સ્પર્ધાઓમાં જે શાળા પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે શ્રેષ્ઠ દેખાવ કરે તે શાળાને અનુક્રમે રૂ.૧.૫૦ લાખ, રૂ.૧.૦૦ લાખ અને રૂ.૦.૭૫ લાખના રોકડ પુરસ્કાર સ્વરૂપે અનુદાન આપી સન્માનીત કરવાના રહેશે અને DBT મારફત જેતે શાળાના બેન્ક એકાઉન્ટમાં રોકડ પુરસ્કારની રકમ તબદીલ કરવાના રહેશે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જે પ્રધ્ધતિ નક્કી કરવામાં આવે તે મુજબ શ્રેષ્ઠ શાળા નક્કી કરવામાં આવશે. આ રકમ રમતગમતના વિકાસ માટે જ ઉપયોગ કરવાની રહેશે.

- **રાજયકક્ષા શ્રેષ્ઠ શાળાને પુરસ્કાર**

  ખેલમહાકુંભની રાજયકક્ષાની સ્પર્ધાઓમાં જે શાળા પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે શ્રેષ્ઠ દેખાવ કરે તે શાળાને અનુક્રમે રૂ.૫.૦૦ લાખ, રૂ.૩.૦૦ લાખ અને રૂ.૨.૦૦ લાખના રોકડ પુરસ્કાર સ્વરૂપે અનુદાન આપી સન્માનીત કરવાના રહેશે અને DBT મારફત જેતે શાળાના બેન્ક એકાઉન્ટમાં રોકડ પુરસ્કારની રકમ તબદીલ કરવાના રહેશે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જે પ્રધ્ધતિ નક્કી કરવામાં આવે તે મુજબ શ્રેષ્ઠ શાળા નક્કી કરવામાં આવશે. આ રકમ રમતગમતના વિકાસ માટે જ ઉપયોગ કરવાની રહેશે.

## (૧૩) રાજયકક્ષાની સ્પર્ધામાં વિજેતાઓનું પરીણામ પત્રક

- પરીણામ પત્રકનો નમુનો આ સાથે સામેલ છે.
- જે તે રમતના વયજુથ પ્રમાણે વ્યકિતગત અને સાંઘિક રમતના પરીણામ પત્રક કે, જેમાં ખેલાડીનુ નામ, વિજેતા ક્રમ, સમય, કે.એમ.કે. આઈ.ડી, વયજુથ, જિલ્લો અને ખેલાડી, પી.ટી.ટીચર/કોચનો મોબાઈલ નંબર વગેરે માહિતી સાથેનું પત્રક સોફ્ટ/હાર્ડ કોપીમાં તૈયાર કરવાનુ રહેશે.
- કોઈપણ રમતની કોઈપણ ઈવેન્ટમાં ગતવર્ષ કરતા નવો રેકોર્ડ પ્રસ્થાપિત થયો હોય તો તેને હાઈલાઈટ કરવાનો રહેશે.
- પરીણામ પત્રકમાં વિજેતા ભાઈઓ/બહેનોની અલગ અલગ સંખ્યા અને કુલ સંખ્યા સાથેની માહિતી તૈયાર કરવાની રહેશે.
- રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ ખેલાડી ભાઈઓ/બહેનોની અલગ અલગ સંખ્યા અને કુલ સંખ્યા સાથેની માહિતી તૈયાર કરવાની રહેશે. જેમાં S.C., S.T., O.B.C. અને જનરલ કેટેગરી પ્રમાણેની વિગતો આપવાની રહેશે.

## (૧૪) વિનિંગ મોડ્યુલમાં વિજેતાઓની ડેટા એન્ટ્રી:-

તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ વિજેતા થયેલ ખેલાડીઓના રોકડપુરસ્કાર માટે વિનિંગ મોડ્યુલ ઓનલાઇન કરવા રહેશે. જેમાં વિજેતાઓનું લીસ્ટ તૈયાર કરતી વખતે જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ નીચેની બાબતોની ખાત્રી કરવાની રહેશે.

- ઓછામાં ઓછા ૪(ચાર) ટીમો/વ્યકિતગત રમતમાં ૪(ચાર) ખેલાડીઓ ભાગ લે અથવા જિલ્લાના કુલ તાલુકા/ઝોનની સંખ્યા ઓછી હોય તેટલી ટીમો વ્યકિતગત રમતમાં ખેલાડીઓ ભાગ લીધેલ હોય તો રોકડ પુરસ્કારને હકદાર રહેશે.
- ડાંગ અને પોરબંદર જિલ્લામાં ૪(ચાર) ટીમ/વ્યકિતગત રમતમાં ૪(ચાર) ખેલાડીનો નિયમ અપવાદ રૂપે લાગુ પાડવામા આવશે.

### (૧૫) ઉપરની કક્ષાએ ભાગ લેવા માટે ઓનલાઈન એન્ટ્રી

- શાળા/ગ્રામ્યકક્ષાએથી વિજેતા થઈ તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.
- તાલુકાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ અને જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓની ઓનલાઈન એન્ટ્રી જિલ્લા રમતગમત અધિકારીએ ફરજિયાત કરવાની રહેશે.
- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ અને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓની ઓનલાઈન એન્ટ્રી સંબંધિત આયોજકને જિલ્લા રમતગમત અધિકારીએ ફરજિયાત મોકલી આપવાની રહેશે.
- ઓનલાઈન એન્ટ્રી થયેલ હશે તો જ જે તે ઉપરની કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

### (૧૬) પ્રમાણપત્ર, મેડલ અને ટ્રેકશુટ:-

- પ્રમાણપત્ર, મેડલ અને ટ્રેકશુટ આપવામાં આવનાર ખેલાડીઓની યાદી તૈયાર કરવાની રહેશે. જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીઓએ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પ્રમાણપત્ર, મેડલ અને ટ્રેકશુટ મેળવી લેવાના રહેશે.
- તાલુકા, જીલ્લા અને રાજ્ય કક્ષાના વિજેતાઓને સ્થળ ઉપર જ પ્રમાણપત્ર આપવાના રહેશે.
- માત્ર રાજયકક્ષાની સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને જ મેડલ અને ટ્રેક્શુટ આપવાના રહેશે.
- વિજેતા ટીમને કોઈ પણ પ્રકારનો ગણવેશ આપવાનો નથી.

### (૧૭) રાજયકક્ષાની સ્પર્ધામાં ફોરમેટ, સીડીંગ અને ડ્રો કરવા બાબત.:

- રાજયકક્ષાના માન્ય મંડળો, હેડકોચશ્રી અને જિલ્લા રમતગમત અધિકારીએ સાથે રહીને જિલ્લા/મહાનગરપાલિકાની ટીમની સીડીંગ ધ્યાનમાં રાખીને ડ્રો તૈયાર કરવાનો રહેશે.
- બધી સાંઘિક રમતો નોકઆઉટ પ્લસ લીગ પધ્ધતીથી યોજવાની રહેશે છેલ્લી આઠ ટીમ નોકઆઉટ પધ્ધતિને આધારે નક્કી થયેલ ટીમોની સ્પર્ધા કરવામા આવશે. દરેક ચાર ટીમ બે ગ્રુપમાં વહેંચવાની રહેશે. છેલ્લે આઠ ટીમ લીગ ફોર્મેટથી રમશે. દરેક ગ્રુપમાંથી બે ટીમ સેમીફાઈનલ માટે કવોલીફાઈડ થશે.
- રાજયકક્ષાની ટીમ રમતની સ્પર્ધામાં ભાગ લેનાર ટીમોને રમતને અનુરૂપ સારી સવલતો આપી શકાય તે હેતુસર ભાગ લેનાર ટીમોના ડ્રોને ધ્યાને લઈ રોજે રોજ બોલાવવા વધારે અનુકુળ રહેશે

### (૧૮) સ્પર્ધા સ્થળ/નિવાસ સ્થળ ઉપરની વ્યવસ્થા:-

- સ્પર્ધામાં ભાગ લેવા આવનાર ખેલાડીઓ માટે ઉત્તમ નિવાસ અને ભોજન વ્યવસ્થા હોવી જોઈએ.
- મેદાન, નિવાસ અને ભોજન વ્યવસ્થા સ્થળ પર એનાઉન્સમેન્ટ માટે માઈકની વ્યવસ્થા કરવાની રહેશે.

- મેદાન, નિવાસ અને ભોજન સ્થળ પર પીવાનાપાણી અને નાસ્તાની વ્યવસ્થા અલગ જગ્યાએ હોવી જોઈએ.
- નિવાસ, ભોજન સ્થળ તેમજ મેદાન પર ખેલાડી, રેફરી વગેરે માટે ભાઈઓ/બહેનો માટે બાથરૂમની વ્યવસ્થા હોવી જોઈએ.
- સ્પર્ધાના વિગતવાર કાર્યક્રમનો બહોળો પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.
- રાત્રી પ્રકાશમાં રમાડનાર સ્પર્ધા માટે જરૂરી લાઈટની વ્યવસ્થા કરવાની રહેશે.
- નિવાસ અને ભોજન અને રમતોના મેદાન ઉપર સ્વચ્છતાનું પાલન કરવાનું રહેશે.

## (૧૯) માહિતી કેન્દ્ર (હેલ્પ ડેસ્ક) :-

- દરેક ખેલાડી, કોચ, મેનેજર વગેરેને સ્પર્ધાની માહિતી નિવાસ, ભોજન, પુરસ્કાર ફોર્મ, KMK ID વગેરેની માહિતી મળી રહે તે માટે નિવાસ સ્થળ, ભોજન સ્થળ અને મેદાન ઉપર માહિતી કેન્દ્ર શરૂ કરવાનું રહેશે.

## (૨૦) લોકભાગીદારી/ શાળા/કોલેજની પસંદગી:-

- ખેલમહાકુંભ-૨૦૧૭ની સ્પર્ધાઓ માટે લોકભાગીદારી માટે જિલ્લાકક્ષાએ કલેકટરશ્રી તથા મહાનગરપાલિકાકક્ષાએ મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા સ્પોન્શરશીપ, ડોનેશન અને જાહેરાત મારફત મેળવી શકશે.
- તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ સરકારશ્રીના લોકભાગીદારીના અભિગમને અનુલક્ષીને ચાલુ વર્ષે ખેલમહાકુંભની સ્પર્ધાનું સમગ્ર આયોજન જીલ્લા રમત-ગમત અધિકારી મારફત શાળા/કોલેજને આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જે સંદર્ભે તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ સ્પર્ધાના આયોજન માટે શાળા/કોલેજોની પસંદગી કરવાની રહેશે.
- તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાની સ્પર્ધાની સ્કુલ/કોલેજ આયોજકને સરકારશ્રી દ્વારા ગ્રાન્ટ જીલ્લા રમત-ગમત અધિકારી મારફત જે તે યજમાન સંસ્થાને ફાળવી તે અંગેના ખર્ચનું યુટીલાઈઝેશન સર્ટીફીકેટ મેળવવાનું રહેશે.

## (૨૧) ગ્રાન્ટ:-

- રાજયકક્ષાના ઉદ્દઘાટન અને પૂર્ણાહૂતિના બે કાર્યક્રમને બદલે ફકત ઉદ્દઘાટન કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે અને સમાપનને બદલે ઈનામ વિતરણ કાર્યક્રમ રહેશે અને તેની ગ્રાન્ટ કલેકટરશ્રીને ફાળવવાની રહેશે.
- સ્પર્ધાના આયોજન-સંચાલન (મેદાન, સાધન, ટેકનીકલ સ્ટાફ, આનુષાંગીક ખર્ચ વગેરે) માટે ગ્રાન્ટની ફાળવણી જીલ્લા રમત ગમત અધિકારીને ફાળવવામાં આવશે. તેમના દ્વારા જે તે આયોજક સંસ્થાને જરૂરીયાત મુજબની ગ્રાન્ટ ફાળવવાની રહેશે.

- રાજયકક્ષા

(૧) નિવાસ અને ભોજન.:- (રાજયકક્ષા)

- જિલ્લાકક્ષાએ ભાગ લઈ પસંદગી પામેલ અને વિજેતા થયેલ ખેલાડીઓની જ નિવાસ તથા ભોજન વ્યવસ્થા કરવાની રહેશે.
- રાજયકક્ષા સ્પર્ધામાં વ્યવસ્થાપકો, ચીફ રેફરી અને ટેકનીકલ ઓફિશીયલ્સ માટે નિવાસ, ભોજન અને પ્રવાસ ખર્ચ સરકારશ્રીના ધારાધોરણ મુજબ કરવાનો રહેશે. આ અંગેની ગ્રાન્ટ અલગ થી ફાળવવામાં આવશે.

(૨) <u>પ્રવાસ ખર્ચ</u> :-

- તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર કોઈ પણ ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવાનો નથી.
- જિલ્લાકક્ષા તથા રાજયકક્ષાની સ્પર્ધાના વ્યવસ્થાપક, રેફરી અને ટેકનીકલ ઓફિશીયલ્સને રેલ્વેના બીજા વર્ગના ભાડાની મર્યાદામાં ખરેખર થયેલ પ્રવાસખર્ચ ચુકવવાનો રહેશે
- તાલુકાની રમતોમાં ભાગ લઈ વિજેતા થયેલ ખેલાડીઓ તેમજ પસંદગી પામેલ ખેલાડીઓને જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લે તે ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવાનો રહેશે.
- જિલ્લાની રમતોમાં ભાગ લઈ વિજેતા થયેલ ખેલાડીઓ તેમજ પસંદગી પામેલ ખેલાડીઓને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લે તે ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવાનો રહેશે.
- જિલ્લાકક્ષા અને રાજયકક્ષાએ સીધી યોજાતી સ્પર્ધાઓમાં ભાગ લેતા ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવાનો નથી.

(૩) <u>ટેકનીકલ ઓફીસીયલ્સ ફી :-</u>

- ટેકનીક્લ ઓફીસીયલ્સ (રેફરી)ને ગત વર્ષ મુજબ તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ માનદ વેતન (ફી) ચૂકવવાનું રહેશે. જે તે રમતની જરૂરીયાત પ્રમાણે ટેકનીક્લ ઓફીસીયલ્સ રાખવાના રહેશે
- માનદ વેતન

  વ્યવસ્થાપક, ટેકનીક્લ ઓફીસીયલ્સ અને ચીફ રેફરીને તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ નીચે મુજબ માનદ વેતન ચૂકવવાનું રહેશે.

| કક્ષા | વ્યવસ્થાપક | ટેકનીક્લ ઓફીસીયલ્સ | ચીફ રેફરી |
|---|---|---|---|
| તાલુકા/ઝોનકક્ષા | રૂ. ૭૫ | રૂ.૨૦૦ | રૂ.૩૦૦ |
| જિલ્લા/મહાનગરપાલીકાકક્ષા | રૂ.૧૦૦ | રૂ.૩૦૦ | રૂ.૪૦૦ |
| રાજયકક્ષા | રૂ.૧૫૦ | રૂ.૫૦૦ | રૂ.૬૦૦ |

જે તે રમતની જરૂરીયાત પ્રમાણે વ્યવસ્થાપક અને ટેકનીક્લ ઓફીસીયલ્સ રાખવાના રહેશે. અને આ અંગેની મહતમ સંખ્યા દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે. (પત્રક-બ)

## (૨૩) ટી-શર્ટ કેપ:-

- જિલ્લામાંથી વિજેતા થઈ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓ પૈકી
  1. વ્યક્તિગત રમતમાં પ્રથમ અને દ્રિતિય ક્રમના વિજેતા ખેલાડીઓ અને
  2. ટીમ રમતમાં – કબડ્ડી, ખોખો, વોલીબોલ, હેન્ડબોલ, બાસ્કેટબોલ, ફૂટબોલ અને હોકીમાં માત્ર પસંદગી પામેલ ખેલાડીઓને ટી-શર્ટ અને કેપ આપવાના રહેશે.
  3. ટીમ રમતમાં – કબડ્ડી, ખોખો, વોલીબોલ, હેન્ડબોલ, બાસ્કેટબોલ, ફૂટબોલ અને હોકીમાં વિજેતા ટીમોને ટી-શર્ટ અને કેપ આપવાના નથી.
  4. જિલ્લાકક્ષાની સાંઘિક અને વ્યક્તિગત રમતના વિજેતાઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા નથી, તેવા ખેલાડીઓને ટી-શર્ટ આપવાના રહેતા નથી. આથી સાંઘિક રમતના વિજેતાઓ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે જાય તે જ સમયે ટી-શર્ટ અને કેપ આપવી હિતાવહ રહેશે. વણ વપરાયેલ ટી-શર્ટ અને કેપનો ઉપયોગ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની મંજૂરીથી કરવાનો રહેશે. રાજયકક્ષાની સ્પર્ધા બાદ ખરેખર ખરીદેલ ટી-શર્ટ અને કેપ અને તે પૈકી વિજેતાઓને વિતરણ કરેલ અને બચત રહેલ ટી-શર્ટ અને કેપની વિગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતને મોકલી આપવાની રહેશે.

## (૨૪) શક્તિદૂત યોજના

- શક્તિદુત યોજના ખેલાડીઓએ ખેલમહાકુંભમાં રાજયકક્ષાની સ્પર્ધામાં ફરજીયાત ભાગ લેવાનો રહેશે.
- શકિતદૂતના ખેલાડીઓ વર્ષ ૨૦૧૭-૧૮ માટે પસંદગી પામેલાએ જિલ્લાકક્ષાની વ્યકિતગત રમતોમાં ભાગ નહી લીધો હોય તો પણ તેઓને ભાગ લેવા માટે રાજયકક્ષાની રીલે ટીમમાં ભાગ લેવા માટેની અગ્રતા આપવામાં આવશે.
- ખેલમહાકુંભ-૨૦૧૭માં શક્તિદુત યોજનાના વર્ષ ૨૦૧૭-૧૮ના લાભાર્થી ખેલાડીઓને <u>પોતાની વ્યક્તિગત રમતમાં મેળવેલ સિધ્ધિ ધ્યાનમાં લઈ રજિસ્ટ્રેશન કરાવેલ હોય તો જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ ન હોય તો પણ સીધા રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રવેશ આપી શકાશે.</u> શક્તિદુત યોજનાના ૨૦૧૭-૧૮ના ખેલાડીઓને જે લાગુ પાડી શકાશે.

## (૨૫) ખેલે ગુજરાત (સમર કોચીંગ કેમ્પ) :-

- ખેલમહાકુંભ ૨૦૧૭-૧૮માં તાલુકા/જિલ્લા/ઉપરાંત મહાનગરપાલિકાકક્ષા અને રાજ્યકક્ષાની રમતોમાં અંડર ૯, ૧૧, ૧૪, ૧૭ વયજુથમાં વિજેતા થયેલ તેમજ પ્રતિભાશાળી ખેલાડીઓને ઉનાળાની રજાઓ દરમ્યાન ઘનિષ્ઠ તાલીમ શિબિર (સમર કેમ્પ) નું આયોજન કરવાનું રહેશે.

## (૨૬) પ્રતિભાશોધ:- (જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલના પ્રવેશ માટે)

- ખેલમહાકુંભમાંથી ડી.એલ.એસ.એસ.ના વાય.ટી અને પી.ટી. ખેલાડીઓનું શોર્ટ લીસ્ટ અને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની કામગીરી અને જવાબદારી અંગેનો વિગતવાર પરીપત્ર હવે પછી કરવામાં આવશે અને તેમાં ખેલમહાકુંભમાં ભાગ લેનાર ખેલાડીઓની વિવિધ કક્ષાએ પસંદગી માટે ખેલાડીની ઉંચાઈ (HEIGHT HUNT) ધ્યાનમાં લેવામાં આવનાર હોઈ નિયત કરેલ ઓનલાઈન રજિસ્ટ્રેશન ફોર્મમાં અન્ય વિગતોની સાથે ફરજીયાત પણે દર્શાવવાની રહેશે.

## (૨૭) અન્ય :-

- ખેલમહાકુંભમાં યોજવામાં આવતી તમામ સ્પર્ધાઓ જે તે રમતના ભારતના માન્ય ફેડરેશન/એસોસીએશનના નીતિ નિયમો તેમજ ખેલમહાકુંભના વખતો વખત થયેલા સુધારા સાથેના સામાન્ય નિયમો મુજબ યોજવાની રહેશે.
- રજીસ્ટ્રેશન કરતી વખતે જેતે ખેલાડીએ જન્મ તારીખ સાચી દર્શાવવાની રહેશે. જન્મ તારીખ ખોટી દર્શાવી રજીસ્ટ્રેશન થયેલ હશે તો તે ખેલાડી ખેલમહાકુંભની સ્પર્ધામાં ૩ વર્ષ સુધી ભાગ લઈ શકશે નહી.
- દરેક સ્પર્ધા નિયત કાર્યક્રમ પ્રમાણે યોજવાની રહેશે.
- રજિસ્ટ્રેશનની કોઈ પણ સમસ્યા બાબતે જિલ્લા સ્તરે જિલ્લા રમતગમત અધિકારીશ્રી તથા રાજ્ય સ્તરે ટોલ ફ્રી નંબર. ૧૮૦૦ ૨૭૪૪ ૧૫૧ ઉપર સપર્ક કરવાથી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.
- રજીસ્ટ્રેશન માટેના સ્પોર્ટસ વોલીયન્ટર્સ ખેલમહાકુંભની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- ખેલમહાકુંભ-૨૦૧૭માં સ્વીમીંગ ભાઈઓ/બહેનોની સ્પર્ધા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવેલ હોય અને તે પૈકી ગમે તે એક વ્યકિતગત ઈવેન્ટમાં જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હોય તો તેવા ખેલાડીઓને જિલ્લાકક્ષાની સ્પર્ધાની ઈવેન્ટ અને સીધી રાજયકક્ષાએ યોજાતી સ્પર્ધા મળીને એમ કુલ ત્રણ વ્યકિતગત ઈવેન્ટ અને બે રીલેમાં ભાગ લઈ શકશે. જિલ્લાકક્ષાની કેટલી વ્યકિતગત ઈવેન્ટમાં ભાગ લીધેલ છે અને તેમાં વિજેતા થયેલ છે કે વિજેતા થયેલ નથી તેની વિગતોની લેખીત બાંહેધરી સબંધિત ખેલાડી પાસેથી જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ મેળવી લેવાની રહેશે.
- જે જિલ્લાની ટીમોની સ્પર્ધા રમાતી હોય ત્યારે તે જિલ્લાના પંચો/રેફરી સ્પર્ધામાં ફરજ ન બજાવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

- એથ્લેટીકસ અને સ્વીમીંગ માટેની રીલે ટીમની પસંદગી. રાજયકક્ષાની જે રીલે ટીમ બનશે તે જિલ્લાકક્ષાની વ્યકિતગત રમતના આધાર પર બનાવવામાં આવશે. રીલે ટીમ બનાવવા માટે અલગથી પસંદગી ટ્રાયલ આપવામાં આવશે નહી.
- ખેલમહાકુંભના ધારાધોરણ મુજબ માનદ વેતન, પ્રવાસ ખર્ચ, નિવાસ, ભોજન, રોકડ પુરસ્કાર, તેમજ આનુષાંગિક તમામ ખર્ચ કરવાનો રહેશે.
- ખેલમહાકુંભના વિગતવાર ખર્ચના હિસાબો અને યુટીસી તેમજ ભાગ લીધેલ ખેલાડીઓની સંખ્યા સાથે નિયત પત્રક ઉપરાંત ફોટોગ્રાફ –વિડ્યોગ્રાફીની સીડી સાથે સ્પર્ધાઓ પૂર્ણ થયે ૧૫ દિવસમાં મોકલી આપવાનો રહેશે.

સરકારશ્રીનો, ખેલમહાકુંભ ફ્લેગશીપ કાર્યક્રમ હોઈ સફળ બનાવવા તમામ પ્રયત્ન કરવા વિનંતી છે.

ડાયરેકટર જનરલ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

બિડાણઃ- અ – રોકડ પુરસ્કાર
બ – રોકડ પુરસ્કારનું ફોર્મ (ખેલાડી/કોચ)
ક – બાહેંધરી પત્રક

<u>નકલ સવિનય રવાના જાણ સારૂં</u>

(૧) અંગત સચિવશ્રી,
માન.મંત્રીશ્રી, રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત સરકાર, ગાંધીનગર
(૨) અંગત સચિવ
માન.સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર

પ્રતિ,

(૧) ક્લેક્ટરશ્રી, તમામ
(૨) મ્યુ.કમિશ્નરશ્રી, તમામ,
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
(૪) વાઈસ ચાન્સેલરશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સીટી, ગાંધીનગર
(૫) કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
(૬) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૭) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૮) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ, ગાંધીનગર
(૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
(૧૦) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
(૧૧) પ્રિન્સીપાલશ્રી, જીલ્લા શિક્ષણ અને તાલિમ ભવન તમામ
(૧૨) શાસનાધિકારીશ્રી, મ્યુનિ.કોર્પોરેશન તમામ
(૧૩) પ્રમુખ/મંત્રીશ્રી, રાજયકક્ષાના માન્ય રમતગમત મંડળો
(૧૪) જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ (૧૫) સીનીયર કોચશ્રી, તમામ (૧૬) પસંદગી ફાઇલ

# ખેલમહાકુંભ-૨૦૧૭

## જિલ્લા અને રાજયકક્ષાના વિજેતા ખેલાડીઓને ચૂકવવાપાત્ર રોકડ પુરસ્કાર

**પત્રક-અ**

| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ. | સાંધિક રૂ. |
|---|---|---|---|---|---|
| અં-૯, ૧૧ | | | | | |
| ૧ | ખેલાડીઓ | જિલ્લાકક્ષા | પ્રથમ | ૩૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૨૦૦૦ | - |
| | | | તૃતિય | ૧૦૦૦ | - |
| | | રાજયકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | - |
| | | | તૃતિય | ૨૦૦૦ | - |
| અં-૧૪ | | | | | |
| ૨ | ખેલાડીઓ | જિલ્લાકક્ષા | પ્રથમ | ૩૦૦૦ | ૧૫૦૦ |
| | | | દ્વિતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | | તૃતિય | ૧૦૦૦ | ૭૫૦ |
| | | રાજયકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| અં-૧૭ | | | | | |
| ૩ | ખેલાડીઓ | જિલ્લાકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | રાજયકક્ષા | પ્રથમ | ૧૦૦૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતિય | ૭૦૦૦ | ૩૦૦૦ |
| | | | તૃતિય | ૫૦૦૦ | ૨૦૦૦ |
| ઓપન એઈજ ગૃપ અને એબાઉ-૪૦, ૬૦ | | | | | |
| ૪ | ખેલાડીઓ | જિલ્લાકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | રાજયકક્ષા | પ્રથમ | ૧૦૦૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતિય | ૭૦૦૦ | ૩૦૦૦ |
| | | | તૃતિય | ૫૦૦૦ | ૨૦૦૦ |
| ઓપન એઈજ ગૃપ શિક્ષકો | | | | | |
| ૫ | ખેલાડીઓ (શિક્ષકો) | રાજયકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |

| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ. | સાંઘિક રૂ. |
|---|---|---|---|---|---|
| | | શ્રેષ્ઠ શાળા | | | |
| ૬ | શાળા | તાલુકાકક્ષા | પ્રથમ | ૨૫૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૧૫૦૦૦ | - |
| | | | તૃતિય | ૧૦૦૦૦ | - |
| ૭ | શાળા | જિલ્લાકક્ષા | પ્રથમ | ૧૫૦૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૧૦૦૦૦૦ | - |
| | | | તૃતિય | ૭૫૦૦૦ | - |
| ૮ | શાળા | રાજયકક્ષા | પ્રથમ | ૫૦૦૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૩૦૦૦૦૦ | - |
| | | | તૃતિય | ૨૦૦૦૦૦ | - |

## રાજયકક્ષાના વિજેતા ખેલાડીઓના કોચને રાજયકક્ષાએ ચૂકવવાપાત્ર રોકડ પુરસ્કાર

| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ!. | સાંઘિક રૂ!. |
|---|---|---|---|---|---|
| | | અં-૯, ૧૧ | | | |
| ૧ | કોચ | રાજયકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | - |
| | | | દ્વિતિય | ૧૨૦૦ | - |
| | | | તૃતિય | ૯૦૦ | - |
| | | અં-૧૪ | | | |
| ૨ | કોચ | રાજયકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતિય | ૧૨૦૦ | ૭૫૦ |
| | | | તૃતિય | ૯૦૦ | ૫૦૦ |
| | | અં-૧૭ | | | |
| ૩ | કોચ | રાજયકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતિય | ૧૨૦૦ | ૭૫૦ |
| | | | તૃતિય | ૯૦૦ | ૫૦૦ |
| | | ઓપન એઈજ ગૃપ | | | |
| ૪ | કોચ | રાજયકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતિય | ૧૨૦૦ | ૭૫૦ |
| | | | તૃતિય | ૯૦૦ | ૫૦૦ |

નોંધ :- ગીલી ડંડાના કોચને રોકડ પુરસ્કાર આપવામાં આવશે નહી.

# ખેલમહાકુંભ ૨૦૧૭

## ખેલાડી રોકડ પુરસ્કાર ફોર્મ

(ફોર્મ ફરજીયાત અંગ્રેજી કેપીટલ લેટરમાં ભરવાનું રહેશે)

**બધી જ વિગતો ભરવી ફરજીયાત છે**

| ખેલાડીની વિગત | | |
|---|---|---|
| ખેલાડીનું કે.એમ.કે. આઇડી | | |
| ખેલાડીનું નામ (અંગ્રેજીમાં) | નામ | |
| | પિતાનું નામ | |
| | અટક | |
| ખેલાડીના ઘરનું પુરેપુરૂ સરનામું (અંગ્રેજીમાં) | | |
| | પીન કોડ નંબર | |
| કોચનું નામ (અંગ્રેજીમાં) | | |
| ઝોન/તાલુકા કક્ષા ☐ | કોર્પોરેશન/જિલ્લા કક્ષા ☐ | રાજ્ય કક્ષા ☐ |
| વય જૂથ ☐ ભાઇઓ ☐ બહેનો | ☐ U9 ☐ U11 ☐ U14 ☐ U17 ☐ OPEN AGE CATEGORY<br>☐ A40 ☐ A60 | |
| રમત | | |
| ઇવેન્ટનું નામ | | |
| મોબાઇલ નં-૧ | | |
| મોબાઇલ નં-૨ | | |
| ઇમેલ આઇડી | | |
| આધાર કાર્ડ નંબર | | |
| બેન્ક ખાતાની વિગત : રોકડ પુરસ્કાર ખાતામાં જમા | | |
| ખાતેદારનું નામ | | |
| એકાઉન્ટ નંબર | | |
| બેન્કનું નામ | | |
| બ્રાંચનું નામ | | |
| આઈ.એફ.એસ.સી. કોડ | | |
| કેન્સલ ચેક આપેલ છે કે નહી | હા | ના |
| ચેકની પાછળ વિગત આપવી, નામ, KMK ID મોબાઈલ નંબર | હા | ના |

હું ખાતરી આપું છુ કે ઉપર જણાવેલ વિગતો સાચી છે. મારા દ્વારા જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી.

નોંધ:- રાજયકક્ષાની સ્પર્ધામાં એબાઉ-૪૦ અને ૬૦ વયજુથના વિજેતા થયેલ ખેલાડીઓના કોચને રોકડ પુરસ્કાર આપવાનો રહેશે નહી.

(ખેલાડીની સહી)

**ઓર્ગેનાઈઝર/કન્વીનર દ્વારા ભરવાની વિગત**

ઝોન/તાલુકા કક્ષા ☐ કોર્પોરેશન/જિલ્લાકક્ષા ☐ રાજ્યકક્ષા ☐

| | |
|---|---|
| રમત | |
| ઈવેન્ટનું નામ | |
| વિજેતા ક્રમાંક | પ્રથમ ☐ દ્વિતિય ☐ તૃતિય ☐ |
| ઈનામ મેળવવા પાત્ર રકમ રૂ. | |

કન્વીનરનું નામ     હોદ્દો     સહી

# ખેલમહાકુંભ ૨૦૧૭

## કોચના રોકડ પુરસ્કાર ફોર્મ

(ફોર્મ ફરજીયાત અંગ્રેજી કેપીટલ લેટરમાં ભરવાનું રહેશે )

| કોચની વિગત | |
|---|---|
| કોચનું નામ (પુરુ નામ) | |
| ઘરનું પુરેપુરું સરનામું | |
| | પીન કોડ નંબર |
| તાલુકો/ જિલ્લો/મહાનગરપાલિકા | |
| ખેલાડીનું કે.એમ.કે.આઈ.ડી. | |
| ખેલાડીનું નામ | |
| વય જુથ ☐ાઈઓ ☐હેનો | ☐ U9 ☐J11 ☐14 ☐7 ☐PEN AGE CATEGARY |
| રમત | |
| ઈવેન્ટનું નામ | |
| મોબાઈલ નંબર-૧ | |
| મોબાઈલ નંબર-૨ | |
| ઈમેલ આઈ.ડી | |
| આધાર કાર્ડ નંબર | |
| બેન્ક ખાતાની વિગત : રોકડ પુરસ્કાર ખાતામાં જમા | |
| રમત | |
| ખાતેદારનું નામ | |
| એકાઉન્ટ નંબર | |
| બેન્કનું નામ | |
| બ્રાંચનું નામ | |
| આઈ.એફ.એસ.સી. કોડ | |
| કેન્સલ ચેક આપેલ છે કે નહી | હા ☐ ના ☐ |
| ચેકની પાછળ વિગત આપવી, નામ, KMK ID મોબાઈલ નંબર | હા ☐ ના ☐ |

હું ખાતરી આપું છુ કે ઉપર જણાવેલ વિગતો સાચી છે. મારા દ્વારા જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી.

નોંધ:- (૧) રાજયકક્ષાની સ્પર્ધામાં એબાઉ-૪૦ અને ૬૦ વયજુથના વિજેતા થયેલ ખેલાડીઓના કોચને રોકડ પુરસ્કાર આપવાનો રહેશે નહી.

(૨) શિક્ષકોના કોચને અને ગીલી ડંડાના કોચને રોકડ પુરસ્કાર આપવામાં આવશે નહી.

________________
(કોચની સહી)

### ઓર્ગેનાઈઝર/કન્વીનર દ્વારા ભરવાની વિગત

ઝોન/તાલુકા કક્ષા ☐ કોર્પોરેશન/જિલ્લાકક્ષા ☐ રાજ્યકક્ષા ☐

| | |
|---|---|
| રમત | |
| ઈવેન્ટનું નામ | |
| વિજેતા ક્રમાંક | પ્રથમ ☐ દ્વિતિય ☐ તૃતિય ☐ |
| ઈનામ મેળવવા પાત્ર રકમ રૂ. | |

કન્વીનરનું નામ હોદ્દો સહી

# ખેલમહાકુંભ ૨૦૧૭

## શિક્ષક ના રોકડ પુરસ્કાર ફોર્મ

(ફોર્મ ફરજીયાત અંગ્રેજી કેપીટલ લેટરમાં ભરવાનું રહેશે )

બધી જ વિગતો ભરવી ફરજીયાત છે

| શિક્ષકની વિગત | | |
|---|---|---|
| શિક્ષકનું કે.એમ.કે. આઇડી | | |
| શિક્ષકનું નામ (અંગ્રેજીમાં) | નામ | |
| | પિતાનું નામ | |
| | અટક | |
| શિક્ષકના ઘરનું પુરેપુરુ સરનામું (અંગ્રેજીમાં) | | |
| | | પીન કોડ નંબર |
| રાજ્ય કક્ષા ☐ | | |
| વય જૂથ | ☐ ભાઇઓ<br>☐ બહેનો | ☐ OPEN AGE CATEGORY<br>☐ A40 |
| રમત | | |
| ઇવેન્ટનું નામ | | |
| મોબાઇલ નં-૧ | | |
| મોબાઇલ નં-૨ | | |
| ઇમેલ આઇડી | | |
| આધાર કાર્ડ નંબર | | |

| બેન્ક ખાતાની વિગત : રોકડ પુરસ્કાર ખાતામાં જમા | | | | | |
|---|---|---|---|---|---|
| રમત | | | | | |
| ખાતેદારનું નામ | | | | | |
| એકાઉન્ટ નંબર | | | | | |
| બેન્કનું નામ | | | | | |
| બ્રાંચનું નામ | | | | | |
| આઈ.એફ.એસ.સી. કોડ | | | | | |
| કેન્સલ ચેક આપેલ છે કે નહી | હા | | ના | | |
| ચેકની પાછળ વિગત આપવી, નામ, KMK ID મોબાઈલ નંબર | હા | | ના | | |

હું ખાતરી આપું છુ કે ઉપર જણાવેલ વિગતો સાચી છે. મારા દ્વારા જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી.

નોંધ:- (૧) શિક્ષકોને માત્ર રાજયકક્ષાએ જ રોકડ પુરસ્કાર આપવામાં આવશે

(૨) શિક્ષકોના કોચને રોકડ પુરસ્કાર આપવાનો રહેશે નહી.

________________

(શિક્ષકની સહી)

### ઓર્ગેનાઈઝર/કન્વીનર દ્વારા ભરવાની વિગત

ઝોન/તાલુકા કક્ષા ☐ કોર્પોરેશન/જિલ્લાકક્ષા ☐ રાજ્યકક્ષા ☐

| | |
|---|---|
| રમત | |
| ઈવેન્ટનું નામ | |
| વિજેતા ક્રમાંક | પ્રથમ ☐ દ્વિતિય ☐ તૃતિય ☐ |
| ઈનામ મેળવવા પાત્ર રકમ રૂ. | |

કન્વીનરનું નામ     હોદ્દો     સહી

# ખેલમહાકુંભ - ૨૦૧૭

## ઓર્ગેનાઈઝર, રેફરી અને ટેકનીકલ ઓફિશીયલ્સને તાલુકાથી રાજ્યકક્ષા સુધીની સ્પર્ધાઓ માટે નીચે મુજબની મહતમ સંખ્યા દર્શાવતું

| ક્રમ | રમતનું નામ | તાલુકા/નગરપાલીકાકક્ષા | | | જિલ્લા/મહાનગરપાલીકાકક્ષા | | | રાજ્યકક્ષા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વ્યવસ્થાપક | ટેકનીક્લ ઓફીસર | ચીફ રેફરી | વ્યવસ્થાપક | ટેકનીક્લ ઓફીસર | ચીફ રેફરી | વ્યવસ્થાપક | ટેકનીક્લ ઓફીસર | ચીફ રેફરી |
| ૧ | આર્ચરી | ૦ | ૦ | ૦ | ૧૦ | ૩૦ | ૧ | ૧૦ | ૨૦ | ૧ |
| ૨ | એથ્લેટીકસ | ૧૨ | ૨૦ | ૧ | ૧૦ | ૪૦ | ૧ | ૪૦ | ૮૦ | ૧ |
| ૩ | બેડમીન્ટન | ૦ | ૦ | ૦ | ૧૦ | ૪૦ | ૧ | ૪૦ | ૬૫ | ૧ |
| ૪ | બાસ્કેટબોલ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૩૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૫ | ચેસ | ૮ | ૫ | ૧ | ૧૦ | ૧૦ | ૧ | ૧૫ | ૨૦ | ૧ |
| ૬ | ફુટબોલ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૪૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૭ | હેન્ડબોલ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૩૦ | ૧ | ૨૦ | ૪૦ | ૧ |
| ૮ | હોકી | ૦ | ૦ | ૦ | ૧૦ | ૪૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૯ | જુડો | ૦ | ૦ | ૦ | ૧૦ | ૩૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૦ | કબડ્ડી | ૮ | ૧૮ | ૧ | ૧૦ | ૧૮ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૧ | ખો-ખો | ૮ | ૧૮ | ૧ | ૧૦ | ૧૮ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૨ | લોન ટેનીસ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૩ | શુટીંગબોલ | ૮ | ૧૨ | ૧ | ૧૦ | ૨૫ | ૧ | ૧૫ | ૩૦ | ૧ |
| ૧૪ | સ્કેટીંગ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૪૦ | ૧ | ૨૦ | ૨૫ | ૧ |
| ૧૫ | સ્વીમીંગ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૪૦ | ૧ | ૫૦ | ૭૫ | ૧ |
| ૧૬ | ટેબલ ટેનીસ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૧૭ | ટેકવેન્ડો | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨૪ | ૧ | ૧૦ | ૨૦ | ૧ |
| ૧૮ | રસ્સા ખેંચ | ૮ | ૧૦ | ૧ | ૧૦ | ૨૦ | ૧ | ૧૦ | ૨૦ | ૧ |
| ૧૯ | વોલીબોલ | ૮ | ૧૮ | ૧ | ૧૦ | ૩૦ | ૧ | ૩૦ | ૫૦ | ૧ |
| ૨૦ | કુસ્તી | ૦ | ૦ | ૦ | ૧૦ | ૩૦ | ૧ | ૨૫ | ૫૦ | ૧ |
| ૨૧ | યોગાસન | ૮ | ૫ | ૧ | ૧૦ | ૨૦ | ૧ | ૨૦ | ૪૦ | ૧ |
| ૨૨ | જીમ્નાસ્ટીકસ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૧ |
| ૨૩ | સાકલીંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૦ | ૧૨ | ૧ |
| ૨૪ | શુટીંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૧૨ | ૧ |
| ૨૫ | સ્કેટીંગ (Artistic) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૧૨ | ૧ |
| ૨૬ | વેઈટ લીફ્ટીંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨૫ | ૧ |
| ૨૭ | ફેન્સીંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૧૮ | ૧ |
| ૨૮ | બોક્સીંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૧ |
| ૨૯ | કરાટે | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૨૦ | ૧ |
| ૩૦ | મલખમ્બ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૧૦ | ૧ |
| ૩૧ | ગીલ્લી ડંડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | જરૂરીયાત મુજબ | | |
| | કુલ | ૬૮ | ૧૦૬ | ૮ | ૨૧૦ | ૫૯૫ | ૨૧ | ૬૦૫ | ૧૦૮૪ | ૩૦ |

શાળાનું નામ :-...............................

શાળાનો રજીસ્ટ્રર નંબર:- ................

સરનામું :-.......................................

.....................................................

.....................................................

સંપર્ક નંબર :- ................................

ઈમેલ આઈ.ડી. :- .........................

તા..../....../૨૦૧૭

# બાંહેધરી પત્ર

કક્ષા:.................... રમતનું નામ........................વયજુથ .......................

આથી હું નીચે સહી કરનાર લખી આપું છું કે ખેલમહાકુંભ-૨૦૧૭ અંતર્ગત .......................સ્થળે તા...../......./૨૦૧૭ના રોજ................. કક્ષાની .................... ટીમ રમતમાં ................. વયજુથની સ્પર્ધામાં ભાગ લઈ અમારી શાળા પ્રથમક્રમે વિજેતા થઈ ઉપરની કક્ષાએ શાળાના નામે સ્વતંત્ર રીતે ભાગ લેવા માટે સંમતિ આપીએ છીએ/આપતા નથી.

ટીમ મેનેજરની સહી

શાળાના વડાની સહી/સિક્કો

# ખેલમહાકુંભ-૨૦૧૭ વિજેતા ખેલાડીઓનું પરિણામ પત્રક

તાલુકાકક્ષા ☐ જિલ્લાકક્ષા ☐

| તાલુકો : | રમતનું નામ: | વયજુથ | જાતિ : | જિલ્લા રમતગમત અધિકારીશ્રીનું નામ |
|---|---|---|---|---|
| | | | ભાઈઓ ☐ | |
| જિલ્લો : | પેટા રમતનું નામ: | વિજેતા ક્રમ: | બહેનો ☐ | જિલ્લા રમતગમત કન્વિનરશ્રીનું નામ |
| | | | | |

| ક્રમ | કે.એમ.કે.આઈ.ડી. નંબર | ખેલાડીઓનું નામ | મોબાઈલ નંબર | સંસ્થાનું નામ | રીમાર્કસ | ઘરનું સરનામું પીનકોડ નંબર સાથે |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |
| ૬ | | | | | | |
| ૭ | | | | | | |
| ૮ | | | | | | |
| ૯ | | | | | | |
| ૧૦ | | | | | | |
| ૧૧ | | | | | | |
| ૧૨ | | | | | | |
| ૧૩ | | | | | | |
| ૧૪ | | | | | | |

સહી
જે તે રમતના ચીફ રેફરી

સહી
જિલ્લા રમતગમત કન્વિનરશ્રી

સહી
જિલ્લા રમતગમત અધિકારીશ્રી